## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**સાહેબ, આપણે બુલેટ ટ્રેનની વાત કરતા હતાં ત્યાં... ટ્રેઈનમાં બુલેટ ક્યાંથી આવી...??**

# વિજિલન્સના દરોડા બાદ પેથાપુર પોલીસ દોડતી થઈ : ત્રણ સ્થળે દરોડા

### આદરજ, સરઢવ અને ભોયણ રાઠોડ ગામમાં ચાલતા વરલી મટકાના અડ્ડા પર દરોડા

ગાંધીનગર, તા.૧૧

બે દિવસ પહેલા સ્ટેટ મોનિટરિંગ સેલ (વિજિલન્સ)એ બાતમીના આધારે પેથાપુર પોલીસ મથકની હદમાં આવેલા કોલવડા ખાતે ઘણા સમયથી ધમધમતા જુગારના અડ્ડા પર દરોડો પાડી વરલી અને ક્લબનું સ્ટેન્ડ પકડી પાડયું હતું. વિજિલન્સના દરોડાથી જિલ્લા પોલીસમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ત્યારે પેથાપુર પોલીસ વિજિલન્સના દરોડા બાદ દોડતી થઈ ગઈ છે. ગઈકાલે પેથાપુર પોલીસે પોતાની હદમાં ચાલતા વરલી મટકાના ત્રણ અડ્ડાઓ પર દરોડા પાડી વરલી મટકાનો જુગાર રમાડી રહેલા પંટરોને પકડી પાડયા હતા.

પેથાપુર પીએસઆઈ એ. જી. એનુરકારની ટીમે ગઈકાલે આદરજ ગામના હવાળા નજીક ચાલતા વરલી મટકાના જુગારના અડ્ડા પર દરોડો પાડી ચાર શખ્સોને પકડી પાડયા હતા. મોટીઆદરજ ગામમાં રહેતાં કાના ડાહ્યા ઠાકોર, કાળા બેચર ઠાકોર તથા સરઢવ ગામમાં રહેતા કિશોર સકરા ચમાર અને વિરાટ સેંધા પરમાર મળીને ચારેય શખ્સોની રોકડ રૂપિયા ૧૧૬૯૦ તથા ૪ મોબાઈલ સહિત કુલ રૂપિયા ૧૮૬૮૦ની કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. તો બીજી તરફ સરઢવ ગામમાં કનુ ભવાનજી દેવડા વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો હોવાની બાતમીના આધારે પેથાપુર પોલીસે સાંજે સાડા છ વાગ્યાના અસરામાં દરોડો પાડીને રોકડ રૂપિયા ૩૬૫૦ના મુદ્દામાલ સાથે કનુ દેવડાની ધરપકડ કરી લીધી હતી. તે ઉપરાંત બાતમીના આધારે પેથાપુર પોલીસે ભોયણ રાઠોડ ગામમાં પણ દરોડો પાડ્યો હતો. ગામમાં ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમાડી રહેલાં બે શખ્સોને રોકડ રૂપિયા ૧૩૫૦ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યા હતા. ભોયણ રાઠોડમાં રહેતા રાજુ વેરાજી ઠાકોર અને ટિંટોડાના નાથા પોપટ ઠાકોર મળી બંને શખ્સોની ધરપકડ કરી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગત્ વર્ષે સિવિલ હોસ્પિટલમાં સાડા છ લાખ દર્દીઓએ લાભ લીધો

### ૯૧ હજાર દર્દીઓએ તાત્કાલીક વિભાગમાં, તો ૫૬ હજાર દર્દીઓ એડમીટ થઈ સ્વસ્થ બન્યા

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં બેડની સંખ્યામાં અને સુવિધા વધવાની સાથે દર્દીઓની સંખ્યામાં પણ વધારો થવા પામ્યો છે. ગાંધીનગર સિવિલમાં વિવિધ રોગના દર્દીઓ સારવાર માટે આવે છે. સિવિલમાં તાવથી માંડીને ડાયાલીસીસ સુધીની સારવાર થાય છે. ત્યારે રોજના હજ્જારો દર્દીઓ ઓપીડીમાં આવતા ઓપીડી વિભાગ પણ ધમધમતો રહે છે. જયારે સિવિલનો તાત્કાલીક વિભાગ પણ સતત કાર્યરત રહે છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગત્ વર્ષ દરમિયાન કુલ ૬,૪૨,૫૮૭ ઓપીડી કેસ નોંધાયા છે, તો ઈન્ડોર પેશન્ટમાં પણ વધારો થવા પામ્યો છે.




સિવિલમાં ૫૬,૪૮૧ દર્દીઓને દાખલ કરીને સારવાર આપવામાં આવી હતી. જયારે ૯૧ હજાર જેટલા દર્દીઓને તાત્કાલીક વિભાગમાં સારવાર આપવામાં આવી હતી. જે ગાંધીનગર હોસ્પિટલના ઈતિહાસમાં સૌથી વધુ હોવાનું જાણવા મળ્યું છે. સિવિલના આંકડા ઉપરથી સ્પષ્ટ થાય છે કે જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસમાં દર્દીઓની સંખ્યા વધુ થઈ છે. આ ત્રણ માસમાં સરેરાશ ૬૩ હજાર દર્દીઓ વિવિધ બિમારીઓને લઈ સારવાર માટે આવ્યા હતા. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ૬૦૦ બેડની અતિ આધુનિક બનતા દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે. જેને પગલે ગ્રામ્ય સહિત જિલ્લાભરમાંથી દર્દીઓ ગાંધીનગર સિવિલમાં સારવાર માટે આવે છે. પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલ દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થઈ છે.

# અગોરા મોલ પાછળ ભાડે ફલેટ રાખીને સટ્ટો રમાડતા ત્રણ ઝડપાયા

### ઓસ્ટ્રેલિયામાં ચાલતી બીગબોસ ટી-૨૦ મેચમાં સટ્ટાનું કટિંગ લેતા હતા : એલસીબીએ દરોડા પાડી સવા લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૧૧

અગોરા મોલની પાછળ




પાશ્વનાથ એટલાન્ટિકમાં આવેલા ઓર્ચિડ ફ્લેટમાં બીગબોસ ટી-૨૦ લાઈવ ક્રેકિટ મેચ પર સટ્ટો રમાડાઈ રહ્યો હોવાની બાતમીના આધારે ગાંધીનગર એલસીબીની ટીમે ફ્લેટમાં દરોડો પાડયો હતો. ફ્લેટ ભાડે રાખીને સટ્ટાનું કટિંગ લઈ રહેલા અમદાવાદના ત્રણ સિંધી બુકીઓને એલસીબીની ટીમે સટ્ટાનું કટિંગ લેતા રંગેહાથ પકડી પાડી તેમની પાસેથી સવા લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સટ્ટા રમાડવા વપરાતા મુદ્દામાલ ઉપરાંત સટ્ટાના હિસાબો લખેલો ચોપડો પણ મળી આવ્યો છે જેમાં અન્ય બુકીઓ અને સટ્ટોડીયાઓના કટિંગના હિસાબો છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ નિરજ પટેલ તથા તરલ ભટ્ટની સુચનાથી તેમની ટીમો જિલ્લામાં દારૂ, જુગારની પ્રવૃતિઓ ન થાય તે માટે સક્રિય છે. ત્યારે ગઈકાલે બપોરે તેમની એક ટીમ અડાલજ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે, સુઘડ ગામની સીમમાં આવેલા અરોગા મોલની પાછળ પાશ્વનાથ એટલેન્ટિકમાં ઓર્ચિડ ફ્લેટ નંબર-હ્ન-૩૦૪માં અમદાવાદના ત્રણ સીંધી બુકીઓ લાઈવ ક્રિકેટ મેચ પર સટ્ટાનું કટિંગ લઈને સટ્ટો રમાડી રહ્યાં છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમ બાતમીવાળા સ્થળે ત્રીજામાળ સ્થિત ફલેટ પર પહોંચી ગઈ હતી અને દરોડો પાડીને સટ્ટો રમાડી રહેલાં ત્રણેય બુકીઓને દબોચી લીધા હતા. એલસીબીની ટીમે ફલેટ પરથી અમદાવાદ સરદારનગરમાં એરપોર્ટ પાસે આવેલી એલીગન્સ સોસાયટીના મકાન નંબર-૫૦૪માં રહેતા પંકજ ઉર્ફે પંકુ અરજનદાસ દયાણી તથા ધીરજ કનૈયાલાલ તેજવાની અને નરોડા ગેલેક્સી રોડ પર ઓઝોન સીટીના બી-૪૦૩માં રહેતો રવિ તીર્થદાસ મંછાની મળીને ત્રણેય બુકીઓને પકડી પાડયા હતા. ફલેટ પર મોબાઈલ અને લેપટોપથી સટ્ટાનું કટિંગ લઈ રહેલા આ ત્રણેય બુકીઓની ધરપડ કરીને તેમની પાસેથી રોકડ રૂપિયા ૨૯૫૦, આઠ મોબાઈલ, લેપટોપ, કી બોર્ડ, માઉસ, એલઈડી, સેટઅપ બોક્સ અને રિમોટ ઉપરાંત સટ્ટાના આંક લખેલો ચોપડો તથા ત્રણ વાહનો મળી કુલ રૂપિયા ૧,૨૨,૨૫૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો છે. બુકીઓ પાસેથી મળી આવેલા ચોપડામાં સટ્ટોડિયાઓ અને બુકીઓના કોડવર્ડ સાથેના નામ-નંબર અને હિસાબો હોવાનું પણ જાણવા મળ્યું છે. એલસીબીની ટીમે અડાલજ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવીને મુખ્ય બુકીઓ સુધી પહોંચવા તપાસ તેજ કરી છે.

## સે-૫ના પકડાયેલા સટ્ટામાં વધુ સટ્ટોડિયાઓની પણ ધરપકડ થશે

શહેરના સેક્ટર-૫ ખાતે એક મકાનમાં તાજેતરમાં એલસીબીએ દરોડો પાડી બે બુકીઓને પકડી પાડયા હતા. તેમની પાસેથી મળી આવેલા હિસાબના ચોપડામાં ગાંધીનગરના કેટલાક વેપારી થતા કેટલાક ડ્રાઈવરના પણ સોદાના હિસાબ હતા. કોડવર્ડ સાથેના આ હિસાબોવાળો ચોપડો જપ્ત કરીને એલસીબીએ તેમને પકડી પાડવા કવાયત શરૂ કરી છે. જેમાં વધુ આઠ જેટલા સટ્ટોડિયાઓના નામ ખુલ્યા છે અને ટુંક સમયમાં એલસીબી દ્વારા તેમની ધરપકડ થઈ શકે છે.



## મગોડી સ્થિત પી. આર. ઠક્કર વિદ્યાવિહાર ખાતે શાળાકીય રમતોત્સવ યોજાયો

તાલુકાના મગોડી ગામે પી.આર. ઠક્કર વિદ્યાવિહાર હાઈસ્કૂલના પટાંગણમાં શાળાકીય રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ પ્રકારની શાળાકીય રમતોમાં વિદ્યાર્થીઓ ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રમતોત્સવ સફળ બનાવ્યો હતો. વિદ્યાર્થીઓને પ્રેરણા આપવા માટે શ્રી કેળવણી મંડળના પ્રમુખ નવનીતભાઈ પટેલ તથા આચાર્ય મનુભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તમામ શાળા પરિવાર તરફથી વિદ્યાર્થીઓને બપોરે જમવાનુ પણ આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રાજુભાઈ જોશી તેમજ વ્યાયામ શિક્ષક જે.બી. ચૌધરીએ કર્યુ હતુ.

# વાયબ્રન્ટ સમિટ અંતર્ગત ૧૯મીએ આફ્રિકા ડે ઉજવાશે

### ગાંધીનગર ખાતે યોજાનાર અલગ અલગ સેમિનારમાં ૪૦ આફ્રિકન દેશો ભાગ લેશે

ગાંધીનગર, તા. ૧૧

નવમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ભાગરૂપે વૈશ્વિક અગ્રણીઓ અને ઉદ્યોગોના સંચાલકો ગુજરાતમાં મૂડી રોકાણ અંગે વ્યુહાત્મક ભાગીદારી તથા વેપાર અને ઉદ્યોગોમાં વિવિધ તકો વિશે વિચાર-વિમર્શ કરી શકે અને ગુજરાતમાં મૂડી રોકાણ થઈ શકે તે હેતુથી આગામી ૧૯ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ 'આફ્રિકન ડે-આફ્રિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવશે. સેમિનારમાં ભારતીય રોકાણકારો આફ્રિકાન દેશોમાં રોકાણ માટેની તકોથી માહિતગાર થશે. ગુજરાત દ્વારા આફ્રિકન દેશોને પૂરી પાડવામાં આવતી તબીબી સેવાઓ અને મેડિકલ ટુરિઝમ ક્ષેત્રે રહેલી સંભવિત તકો વિશે ચર્ચા કરવામાં આવશે. ગુજરાત પાસે વૈશ્વિક સ્તરની પોષાય તેવી તબીબી સેવાઓ ઉપલબ્ધ છે.

આ ઉપરાંત આફ્રિકન પ્રતિનિધિ મંડળ માટે ઝાયડ્સ હોસ્પીટલ, યુ.એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિઓલોજી, અમૂલ ડેરીનો પ્રોસેસીંગ પ્લાંટ, આઈઆઈટી- ગાંધીનગર, ગિફ્ટ સિટીની મુલાકાતનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આફ્રિકન અને ભારતીય કંપનીઓ તેમના પરસ્પર રસનાં ક્ષેત્રોના વિવિધ ઉત્પાદનો અને સેવાઓને પ્રદર્શિત કરી શકે એ માટે ૨,૨૦૦ ચોરસમીટર વિસ્તારમાં એક વિશેષ આફ્રિકા પેવેલિયન ઉભું કરવામાં આવશે. આ ઈવેન્ટમાં ભાગ લેવા માટે ૫૪ આફ્રિકન દેશો પૈકીના ૪૦ દેશોએ સહમતી આપી છે અને બીજા વધુ કેટલાંક દેશો પણ જોડાય તેવી સંભાવના છે. ભારતમાંથી સુઝલોન, વેદાંતા, ગોદરેજ, ઝાયડસ અને રિલાયન્સ જેવી કંપનીઓ પણ આ ઈવેન્ટમાં જોડાઈ રહી છે.

## રાજ્યભરમાં આગામી ૧૪મી જાન્યુઆરીથી પ્રાણી કલ્યાણ પખવાડિયું ઉજવાશે

રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા દર વર્ષે જાન્યુઆરીના બીજા પખવાડિયામાં તા. ૧૪ થી ૩૧મી જાન્યુઆરી-૨૦૧૯ દરમિયાન પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવે છે. આ પખવાડિયા દરમિયાન અબોલ પશુધન પ્રત્યે પ્રેમભર્યું માયાળુ વર્તન રાખવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. જનતાને જાગૃત કરી પ્રાણીઓ પ્રત્યે પ્રેમ દાખવી પ્રાણીઓની આપણા જીવનમાં ઉપયોગીતા અને આર્થિક ઉપયોગીતા અંગે પ્રાણીઓના યોગદાન અંગેની બાબત ધ્યાને લઈ પ્રાણીઓ આપણા જીવન સાથે સંકળાયેલ હોઈ તેને મહત્વ આપવા લોક સંદેશ જનતા સુધી પહોચાડવા આ પખવાડિયાની ઉજવણી દરમિયાન પશુપાલન ખાતા દ્વારા આ પ્રમાણેની કામગીરી હાથ ધરવામાં આવશે. આ પખવાડિયા દરમિયાન પશુપાલન ખાતાનાં ક્ષેત્રિય કક્ષાના અધિકારીઓ દ્વારા પ્રાણી કલ્યાણનું કામ કરતી સંસ્થાઓની મુલાકાતો યોજીને પ્રાણીઓ પ્રત્યે માયાળુ વર્તન રાખવા સંબંધિતોને માર્ગદર્શન આપવામાં આવે છે.

## ચક્ષુદાન

ગાંધીનગર શહેરના સેક્ટર-૭ ડી પ્લોટ નં. ૧૨૦૭-૨ ખાતે વસવાટ કરતા સ્વ.સવિતાબેન વી. ઠક્કર (ઉં.વ.-૮૦) નું તા. ૯ જાન્યુઆરીને બુધવારના રોજ દુખદ અવસાન થયું છે. સદ્ગતના કુંટુંબીજન કેતનભાઈ વી. ઠક્કરની સંમતીથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન સેવામાં આવ્યું છે. આ કાર્યમાં તબિબિ સેવા ડો. વેલુ તેમજ જુસીકાના કાર્યકર વિરેન બ્રહ્મભટ્ટ તેમજ ગણપત મકવાણાએ સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવામાં સેવા પુરી પાડી હતી. જયારે ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય ગણપતભાઈ મકવાણાએ કર્યુ હતું.

# ચિલોડામાં ગાડીમાંથી દારૂનો જથ્થો મકાનમાં ઉતરી રહ્યો હતો ને એલસીબી પહોંચી

### સ્વીફ્ટ ગાડીમાં દારૂ લઈને આવેલા બે બુટલેગરો તથા મકાનમાં દારૂ ભરાવી રહેલા બે બુટલેગરો મળી ચારની ધરપકડ : ૩.૩૧ લાખનો મુદ્દામાલ જપ્ત : ચિલોડા પોલીસ સામે ઇન્કવાયરી

ગાંધીનગર, તા.૧૧

ચિલોડા ગામમાં એક સ્વીફ્ટ ગાડીમાંથી દારૂનો જથ્થો મકાનમાં



ભરાઈ રહ્યો હોવાની બાતમીના આધારે ગાંધીનગર એલસીબીની ટીમે મકાનમાં દારૂ ભરી રહ્યો હતો ત્યારે જ દરોડો પાડયો હતો. એલસીબીની ટીમે દરોડો પાડીને સ્વીફ્ટ ગાડી માં દારૂ લઈને આવેલા બે બુટલેગરો તથા મકાનમાં દારૂ પર આવી રહેલા બે બુટલેગરો મળીને કુલ ચારની ધરપકડ કરી લીધી છે. એલસીબીની ટીમે સવા ત્રણ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ચારેય શખ્સોની ધરપકડ કરીને ચિલોડા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવી ઊંડી તપાસ શરૂ કરી છે. આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો તે ઉપરાંત ચિલોડામાં ક્યારથી આ ધંધો ચાલતો હતો તે સહિતની ઊંડી પૂછપરછ શરૂ કરવામાં આવી છે. તો બીજી તરફ ચિલોડા પોલીસ સામે ઈન્કવાયરી પણ શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ નિરજ પટેલ તથા તરલ ભટ્ટની ટીમના પી.એસ.આઈ એમ.જે.શિન્દે તેમના સ્ટાફના માણસો સાથે ગઈકાલે ચિલોડા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ અને અજયકુમાર ને બાતમી મળી હતી કે મોટા ચિલોડા ગામમાં રહેતા અંબાલાલ જવાનજી ઠાકોર તથા રવિ ઉર્ફે પપ્પુ પોપટ ઠાકોર બંનેએ મળીને દારૂનો જથ્થો મંગાવ્યો છે. એક સ્વીફ્ટ ગાડી ભરીને દારૂ ચિલોડામાં આવી ગયો છે અને અંબાલાલ ઠાકોરના ઘરે આ દારૂનો જથ્થો ઉતારવાની તૈયારી છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી ત્યારે સ્વીફ્ટ ગાડી માંથી દારૂનો જથ્થો મકાનમાં ઉતારવામાં આવી રહ્યો હતો. એલસીબીની ટીમે દરોડો પાડીને મકાન માં દારૂ પર આવી રહેલા અંબાલાલ અને રવિ બંનેની ધરપકડ કરી લીધી હતી. સ્વીફ્ટ ગાડીમાં દારૂ લઈને આવેલા અમદાવાદના ઓઢવ વિસ્તારના બે બુટલેગરો સોનુ ઉર્ફે કૃષ્ણકાંત દિલીપસિંહ બધેલ તથા લક્ષ્મણ કેસરસિંહ રાઠોડને પણ દબોચી લેવામાં આવ્યા હતા. એલસીબીની ટીમે ચારેય બુટલેગરોની ધરપકડ કરીને ૨૬૪ નંગ દારૂની બોટલનો જથ્થો તથા ત્રણ મોબાઈલ અને કાર મળીને કુલ રૂ.૩,૩૧,૦૯૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ચારેય આરોપીઓ સામે ચિલોડા પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને આ પ્રકરણમાં સ્થાનિક પોલીસની સંડોવણી મામલે ઈન્કવાયરી પણ શરૂ કરવામાં આવી છે.

## ચ-૩ સર્કલેથી પસાર થતી ઈનોવામાંથી દારૂ-બિયરની બોટલ મળી

સેક્ટર-૭ પોલીસ મથકના પીએસઆઈ એ. જે. શાહ સ્ટાફ સાથે બપોરે ચ-૩ સર્કલે વાહન ચેકિંગમાં હતા ત્યારે ચ-૫ તરફથી એક ઈનોવા કાર આવી હતી. પોલીસનુ ચેકિંગ જોઈને ઈનોવા ચાલકે પોતાની ગાડી રિવર્સ લેતા પોલીસને શંકા ગઈ હતી. જેને પગલે પોલીસે દોડીને કારને પકડી લીધી હતી અને ચાલકનું નામ પુછતા રાજકોટના સંતોષીનગરની વિર સાવરકર ટાઉનશીપમાં રહેતો કલ્પેશ વિનોદભાઈ રાઠોડ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે GJ-03-FK-9922 નંબરની ઈનોવા કારમાં તપાસ કરતાં અંદરથી વિદેશી દારૂની એક બોટલ અને બિયરના ૬ ટીન મળી આવ્યા હતા. જેને પગલે પોલીસે દારૂ-બિયર તથા મોબાઈલ અને ઈનોવા કાર મળીને કુલ ૫.૧૨ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બકરાના ચામડાની આડમાં થતી દારૂની હેરાફેરી દહેગામ પોલીસે પકડી

દહેગામ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ જતીન પ્રજાપતિ તેમની ટીમ સાથે ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા તે દરમ્યાન બાતમી મળી હતી કે દહેગામ બાયડ ત્રણ રસ્તા તરફથી અમદાવાદ તરફ જી.જે.૦૯



એયુ.૩૪૮૧ નંબરના પીકઅપ ડાલામાં દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે. જેના આધારે પોલીસે અમદાવાદ રોડ પર છુટા છવાયા વોચ ગોઠવી હતી. દરમ્યાન બાતમી વાળુ ડાલુ પસાર થતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કરતા ચાલકે તેના ડાલાની સ્પીડ વધારી અમદાવાદ રોડ પર હંકારવા જતાં પોલીસે કોર્ડન કરી ઝડપી લીધુ હતુ. શંકરલાલા પનાલાલ ગાયરી (રહે.બાંગોલ તા.નાથદ્વારા જિ.રાજસમંદ રાજસ્થાન)ને પકડી પાડી ડાલામાં તપાસ કરતા બકરાના ચામડાનો જથ્થો જોવા મળ્યો હતો. ચામડુ ખસેડીને તપાસ કરતા અંદરથી રોયલ સ્ટેગ વ્હીસ્કી,અને સ્ટાર ડિલક્ષ વ્હીસ્કીનો રૂા.૪,૮૦,૦૦૦ની કિંમતની ૧૦૦ પેટી દારૂનો જથ્થા મળી આવ્યો હતો.

# ગાંધીનગર આરટીઓ ખાતે મફત મોબાઈલ વાન સેવાઓનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૧૧

એફટીએ એચએસઆરપી પ્રા. લિ.એ આજે ટ્રાન્સપોર્ટ કમિશનર ઑફિસના નિર્દેશોના અનુસંધાનમાં ગાંધીનગર આરટીઓ ખાતે મોબાઇલ વાન સેવાનું ઉદ્ઘાટન કર્યુ. એચએસઆરપી પ્લેટની મફત કિંમતે ફિટમેન્ટ અને રિપ્લેસમેન્ટ સેવાઓ પ્રદાન કરવા માટે જેમાં બ્લેક કલર ફેડિંગમાં સમસ્યા છે, આમોબાઈલ વાન સેવાનું ઉદ્ઘાટન ડી. એમ. પટેલ - આરટીઓના ઓફિસર ઈન્ચાર્જ અને એફટીએ એચએસઆરપી પ્રા. લિ.ની અધિકારી રિતેશે કર્યા.

ગાંધીનગર આરટીઓ ખાતે આજે બાઈકમાં એચએસઆરપી પ્લેટ્સનું મફત સેટ, જેના કાળો રંગ ઝાંખો પડી ગયો હતો તેને એફટીએ એચએસઆરપી ટીમ દ્વારા મોબાઈલ વેનની અંદરના સાધનો અને કીટનો ઉપયોગ કરીને મફતમાં બદલવામાં આવ્યો હતો.




બદલવામાં આવેલી એચએસઆરપી પ્લેટનું યોગ્ય રીતે નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને આરટીઓ અધિકારીઓને મંજૂરી આપવામાં આવી હતી.

એફટીએ એચએસઆરપી પ્રા. લિ. કંપનીના ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું હતું કે કમિશનર ઑફિસ પાસેથી ક્લિયરન્સ નોટીસ પ્રાપ્ત કર્યા પછી વાહન માલિકોને સચિવાલય અને વાઈબ્રન્ટ ગુજરાત સમિટ પાર્કિંગ જેવા મહત્વપૂર્ણ સ્થળોએ મફત મોબાઈલ વેન સર્વિસ સુવિધાઓ પૂરી પાડવા માટે મોબાઈલ વેન યોગ્ય રીતે ડિઝાઈન કરવામાં આવ્યું હતું. અને અધિકારીઓ દ્વારા નિર્દેશિત સેટ સ્પષ્ટીકરણો અને સૂચનો સાથે તૈયાર. મફત મોબાઈલ વેનને આજે ડી.એમ. પટેલએ નિરીક્ષણ કર્યુ અને તેની ડિઝાઈન અને કામગીરી માટે લીલો સિગ્નલ આપવામાં આપ્યો. અમને આશા છે કે આગામી દિવસોમાં અમે ઘણા ગ્રાહકો સુધી પહોંચી શકીશું અને તેમને બ્લેક કલર ફોઈલની મફત બદલી સેવાઓ આપીશું. હાજર અને તાત્કાલિક ધોરણે.

પરિવહન કમિશનર ઑફિસ દ્વારા હાલમાં યોગ્ય માર્ગ યોજના અને વ્યૂહરચના તૈયાર કરવામાં આવી રહી છે અને આગામી અઠવાડિયામાં મોબાઈલ વેન ગાંધીનગર શહેર અને મહત્વપૂર્ણ સ્થળોએ એકત્ર કરવામાં આવશે.